

લંડનના વિખ્યાત ઉદ્યોગપતિ અને દાનવીર રતિલાલ ચંદેરિયાએ ૨૦ વર્ષની અથાક જહેમત બાદ વિશ્વની પ્રથમ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી તૈયાર કરી છે. તેના લોકાર્પણ પ્રસંગે શુક્રવારે મુંબઈમાં યોજાયેલા એક સમારોહમાં દીપ પ્રગટાવતાં જાણીતાં સાહિત્યકાર ધીરુબહેન પટેલ. તે પ્રસંગે રતિભાઈ ચંદેરિયા, કેશવભાઈ ચંદેરિયા, એચ.ડી.એફ.સી.ના ચૅરમૅન દીપક પારેખ અને અન્ય મહાનુભાવ

# વિશ્વની પ્રથમ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીનું લોકાર્પણ સંપન્ન

મુંબઈ, તા. ૧૪ : લંડનના વિખ્યાત ગુજરાતી ઉદ્યોગપતિ અને દાનવીર રતિલાલ ચંદેરિયાએ છેલ્લાં ૨૦ વર્ષ સુધી અથાક જહેમત કરીને તૈયાર કરેલી વિશ્વની સર્વપ્રથમ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીનું લોકાર્પણ ગઈકાલે અહીં યોજાયેલા એક સમારોહમાં જાણીતાં સાહિત્યકાર ધીરુબેન પટેલના હસ્તે સંપન્ન થયું હતું. વિશ્વના તમામ ગુજરાતીઓ માટે આ નવી સદીની એક અણમોલ ભેટ છે.

આ ડિજિટલ ડિક્ષનરી તૈયાર કરવામાં ૨૫ લાખથી વધુ શબ્દોનો સહારો લેવામાં આવ્યો છે. ડિક્ષનરીના અંગ્રેજીથી ગુજરાતી વિભાગમાં ૩૨૦૩૪ શબ્દો, ગુજરાતીથી અંગ્રેજી વિભાગમાં ૪૯૯૩૬ શબ્દો અને ગુજરાતીથી ગુજરાતી વિભાગમાં ૧,૪૯,૭૦૯ શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૫૧૪૪ વિરુદ્ધાર્થી શબ્દો પણ છે. ઉપરાંત ડિક્ષનરીનું સ્પેલ ચેકર એક મહત્ત્વનો વિભાગ છે.

ધીરુબહેન પટેલ અને મુખ્ય અતિથિ એચડીએફસીના ચેરમેન દીપક પારેખે રતિભાઈના આ ભગીરથ કાર્યની ભારોભાર પ્રશંસા કરી હતી. સ્વાગતપ્રવચન વિપુલ કલ્યાણીએ કર્યું હતું. આ ડિક્ષનરી હાલ વર્લ્ડ વાઈડ વેબ www.gujaratilexicon.com પર ઉપલબ્ધ છે.

આ ડિક્ષનરીની સીડી પણ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે, એમ રતિભાઈએ જાહેર કર્યું હતું.

આજના લોકાર્પણ સમારોહમાં વીરેન શાહ, સુરેશ કોટક, સુરેશ દલાલ, પુરુષોત્તમ ઉપાધ્યાય, વર્ષા અડાલજા સહિત વ્યાપાર, ઉદ્યોગ અને સાહિત્યજગતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.